# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-10-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: Firday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1) ‘રાજ્યમાં આગામી સમયમાં વધુ એક હજાર 768 જેટલી CNG-ઇલેક્ટ્રીક બસ દોડાવાશે’ - વાહન વ્યવહારમંત્રી હર્ષ સંઘવીએ કરી જાહેરાત
2) પેન્શન ધારકોને ઘરેબેઠા જીવન પ્રમાણપત્ર બનાવી આપવામાં આવશે - ભારતીય ટપાલ વિભાગની નવી પહેલ
3) પશુપાલનમંત્રી રાઘવજી પટેલના હસ્તે કચ્છના પશુપાલકને રાજ્યના શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર અંતર્ગત પ્રથમ પુરસ્કાર એનાયત કરાયો
4) નવસારીમાં યોજાયેલી રાષ્ટ્રીય મિશ્ર માર્શલ આર્ટ્સ MMA અને BJJ ફાઈટર્સ સ્પર્ધામાં વડોદરાના બંને ખેલાડીને સુવર્ણ ચંદ્રક મળ્યો
5) રાજ્યમાં દિવાળી બાદ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવાની હવામાન વિભાગની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GANDHINAGAR URBAN MOBILITYCONFERENCE

વાહન વ્યવહારમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, ‘રાજ્યમાં આગામી સમયમાં વધુ એક હજાર 768 જેટલી CNG-EV બસ દોડાવાશે. ગાંધીનગરમાં યોજાયેલી 17મી અર્બન મોબિલિટી ઇન્ડિયા પરિષદના શુભારંભ સમારોહને સંબોધતા શ્રી સંઘવીએ આમ જણાવ્યું હતું.

દરમિયાન તેમણે આ પરિષદ આગામી સમયમાં રાજ્ય સહિત દેશના જાહેર પરિવહનને નવી દિશા આપશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. મંત્રી શ્રી સંઘવીએ દેશમાં સૌપ્રથમ બૂલેટ ટ્રેન ગુજરાતમાં શરૂ થવા બદલ સંબંધિત વિભાગોના અધિકારીઓ અભિનંદન પાઠવ્યા હતા.

# GANDHINAGAR URBAN INDIA CONF.

ગાંધીનગર ખાતે ત્રણ દિવસની “17મી અર્બન મોબિલિટી ઇન્ડિયા કોન્ફરન્સ એન્ડ એક્સ્પો-૨૦૨૪”નું ઉદ્ઘાટન કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ‘ભારત આજે વિશ્વનું સૌથી મોટું પાંચમું અર્થતંત્ર બન્યું તેમાં છેલ્લા 10 વર્ષમાં થયેલા સામાજિક, આર્થિક વિકાસ અને શહેરીકરણની મહત્વની ભૂમિકા રહી છે.’

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા યોજાયેલી આ પરિષદ અને પ્રદર્શનમાં મેટ્રો રેલ કંપનીઓ, જાહેર-ખાનગી ક્ષેત્રના 76 જેટલા પ્રદર્શકો તેમજ મોટી સંખ્યામાં મહાનુભાવો, કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ સહિત ત્રણ હજાર જેટલા લોકો જોડાયા છે.

# BOTING SPORTSACTIVITY NIYAMO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ઇનલેન્ડ વેસેલ્સની નોંધણી, સર્વેક્ષણ અને સંચાલનના નિયમોને મંજૂરી આપી છે. આ નિયમ અંતર્ગત 10 મીટરથી ઓછી લંબાઈના પ્લેઝર ક્રાફ્ટ- હોડી બોટની નોંધણી કરાવવા માગતા લોકોએ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટને અરજી કરવી પડશે. રાજ્યમાં બૉટિંગ અને વૉટર સ્પોર્ટ્સ એક્ટિવિટી વધુ સલામત અને સુરક્ષિત બનાવવા હેતુસર આ મંજૂરી આપવામાં આવી છે.

રાજ્ય સરકારે નિયમોનો મુસદ્દો જૂન મહિનામાં તૈયાર કરીને તેમાં લોકોના વાંધા-સૂચનો આમંત્રિત કરવા પ્રસિદ્ધ કર્યો હતો. વાંધા-સૂચનોનો અભ્યાસ કરીને હવે નિયમોને આખરી સ્વરૂપ આપવાના દિશાનિર્દેશ મુખ્યમંત્રીએ બંદર અને વાહન વ્યવહાર વિભાગને આપ્યા છે. નિયમ અનુસાર જિલ્લા કે શહેરની વૉટરસાઈડ સેફ્ટી કમિટી વૉટર સ્પોર્ટ્સ એક્ટિવીટી અને બોટના સંચાલનનું સમયાંતરે નિરીક્ષણ કરશે. તેમજ સલામતી નિયમોના ભંગ બદલ શિક્ષાત્મક પગલા લઈ શકશે.

# PENSIONERS TAPALSUVIDHA

ભારતીય ટપાલ વિભાગ દ્વારા પેન્શન ધારકોને ઘરે બેઠા જીવન પ્રમાણપત્ર બનાવી આપવામાં આવશે. હવે પેન્શન ધારકોએ આ પ્રમાણપત્ર રજૂ કરવા કોઈ ટ્રેઝરી, બેન્ક કે અન્ય વિભાગમાં જવાની જરૂર નહીં રહે.

અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે આ અંગે જણાવ્યું હતું કે, ‘પેન્શનધારકો તેમના નજીકના ડાકઘરના પૉસ્ટમેન અથવા ગ્રામીણડાક સેવકની મદદથી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ મેળવી શકે છે. આ માટે માત્ર 70 રૂપિયા ફી નક્કી કરવામાં આવી છે.

આ પ્રમાણપત્ર આપમેળે સંબંધિત વિભાગને ઑનલાઈન પહોંચી જશે, જેથી પેન્શન મળવામાં કોઈ અડચણ નહીં થાય. આ સુવિધા તમામ ડાકઘરોમાં ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્ક દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

(બાઇટ કૃષ્ણકુમાર યાદવ)

# BHUJ PASHUPALAK AWARD

રાજ્યના પશુપાલન મંત્રી રાઘવજી પટેલના હસ્તે કચ્છના પશુપાલક વરૂણ શર્માને રાજ્યના શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર અંતર્ગત પ્રથમ પુરસ્કાર એનાયત કરાયો. કચ્છના ભુજમાં આવેલા ટાઉનહૉલ ખાતે પશુપાલન મંત્રીની ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારોહ યોજાઈ ગયો.

દરમિયાન શ્રી પટેલે 21મી પશુધન વસતિ ગણતરી અને પશુપાલક અકસ્માત વીમા યોજનાનો પણ શુભારંભ કરાવ્યો હતો. શ્રી પટેલે ભુજ ખાતે એક કરોડ 60 લાખ રૂપિયાના ખર્ચે પશુરોગ અન્વેષણ એકમના નવા ભવનનું ઈ-લોકાર્પણ કરતા જણાવ્યું કે, કચ્છ જિલ્લામાં પશુઓના રખરખાવ, સંવર્ધન અને સારવાર માટે આ એકમ મહત્વનું બનશે.

(બાઈટ – રાઘવજી પટેલ, પશુપાલન મંત્રી)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

# VADODARA PLAYERS GOLD MEDAL

નવસારીમાં યોજાયેલી રાષ્ટ્રીય મિક્સ્ડ માર્શલ આર્ટ્સ MMA અને BJJ ફાઈટર્સ સ્પર્ધામાં વડોદરાના 2 ખેલાડીએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

વડોદરાના અમારા પ્રતિનિધિ નિર્મિત દવે જણાવે છે કે, 24 વર્ષીય ખેલાડી હિમાંશુ યાદવે 56.4 કિલો ફ્લાયવેઈટ શ્રેણીમાં અને કલ્પેશ વસાવાએ 79.3 કિલો મિડલવેઈટ ગ્રેપલિંગ મેચમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. આ બને ખેલાડીઓએ રાજ્યના ભૂતપૂર્વ પ્રથમ મહિલા MMA ફાઈટર ઈશિકાથિ તેના માર્ગદર્શન તૈયાર થયાં છે. હિમાંશુ યાદવ અત્યાર સુધી 6 રાષ્ટ્રીય સ્પર્ધા સહિત નવ સ્પર્ધામાં ભાગ લઈ ચૂક્યા છે, જ્યાં તેમણે અનેક ચંદ્રક પોતાના નામે કર્યા છે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવાર 27 ઑક્ટોબરે આકાશવાણી પરથી “મન કી બાત” કાર્યક્રમમાં દેશ વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 115મી કડી હશે. શ્રોતાઓ ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર કાર્યક્રમ માટેના પોતાના મંતવ્ય મોકલી શકે છે.

ઉપરાંત MyGov અને નમો એપ પર પણ મંતવ્ય મોકલી શકાશે. કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં નેટવર્ક પર કરાશે. “મન કી બાત” કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. એપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

# WEATHER

રાજ્યમાં દિવાળીના તહેવાર બાદ લઘુત્તમ તાપમાન ઘટે તેવી હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. જોકે, તે પહેલા રાજ્યના લોકોએ ગરમી સહન કરવી પડશે.

હવામાન વિભાગના નિદેશક એ. કે. દાસ જણાવે છે કે, રાજ્યમાં આગામી પાંચ દિવસ લઘુત્તમ અને મહત્તમ તાપમાન યથાવત્ રહેશે. ઉત્તર-પૂર્વ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા હોવાથી તાપમાનમાં ફેરફારની કોઈ શક્યતા નથી, પરંતુ નવેમ્બર મહિનો નજીક આવતાં પાંચ દિવસ બાદ તાપમાનમાં ફેરફાર નોંધાઈ શકે છે.

શ્રી દાસે ઉમેર્યું કે, શહેરમાં છેલ્લા 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાન 37.1 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 21.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# KANDLA AIRPORT FLIGHT DHAMKI

મુંબઈ-કંડલા ફ્લાઈટને બૉમ્બથી ઉડાડી દેવાની ધમકી મળતાં પૂર્વ કચ્છ પોલીસે કંડલા હવાઈમથક ખાતે તપાસ હાથ ધરી હતી.

પશ્ચિમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, સ્પાઈસ જેટએર લાઈન્સના સોશિયલ મીડિયા એક્સ એકાઉન્ટમાં મુંબઈ-કંડલા સહિત 85 ફ્લાઈટને ધમકી મળતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. આ અંગે અંજાર-કંડલાના નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીએ માહિતી આપી હતી.

(બાઈટ – મુકેશ ચૌધરી, નાયબ પોલીસ અધિક્ષક, અંજાર-કંડલા)

# NAVSARI C R Patil

કેન્દ્રિય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલે નવસારીના ગણદેવીમાં પ્રાથમિક કન્યાશાળા તથા કસ્બાવાડી પ્રાથમિક શાળાના મકાનો સહિત વિવિધ 78 લાખ 33 હજાર રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ અને 790 લાખ રૂપિયાના વિકાસ કાર્યોનું ખાતમૂહુર્ત કર્યું હતું.

આ પ્રસંગે શ્રી સી.આર. પાટિલે રાજ્યને વરસાદી પાણીના સંચયમાં આદર્શ રાજ્ય તરીકે વિકસાવવા માટે હાથ ધરનારા કામો અંગે જાણકારી આપતા સૌને 'કેચ થ રેઇન' પ્રોજેક્ટમાં સહભાગી થવા ખાસ અનુરોધ કર્યો હતો. જેથી લોકો વરસાદી પાણી બચાવવા પ્રેરિત થાય.

આ સાથે શ્રી પાટિલે ગણદેવીમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત 42 લાખથી વધુના ખર્ચે તૈયાર થયેલા વોક-વેનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના મહાનુભાવો અને નગરવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# FATAFAT NEWS

હવે રાજ્યના અન્ય કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- રાજકોટ જિલ્લાના ત્રિમંદિર ખાતે "માનવસેવા એ જ પ્રભુ સેવા" સૂત્રને સાર્થક કરતાં જિલ્લાના ક્ષયમુક્ત 135 ગામના સરપંચોને પુરસ્કાર એનાયત કરાયા
- સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત કચ્છ નગરપાલિકા દ્વારા ગ્રામ્ય વિસ્તાર સાથે અંજાર, માંડવી અને ભુજ સહિતના વિવિધ વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરાયું. જ્યારે મહેસાણા જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની સરકારી કચેરીઓમાં પણ સફાઈ અભિયાન હાથ ધરાયું
- પાટણ જિલ્લાના હારીજ ખાતે 100 જેટલાં વરિષ્ઠ નાગરિકોને મીઠાઈ સાથે રાશન કીટનું વિતરણ કરાયું
- મહેસાણાના રગાફૂઈ ગામ ખાતે ઇફ્કો દ્વારા ખેડૂતોને જાગૃત કરવા ખેડૂત સભા અને જાગૃતિ કાર્યક્રમ જેવા વિવિધ કાર્યક્રમ યોજાયા
- દાહોદમાં ખાનગી હોસ્પિટલ દ્વારા મહિલાઓને સ્તન કેન્સર અંગે માહિતી અપાઈ
- મહીસાગર જિલ્લા ક્લેક્ટર સી.વી. લટાના અધ્યક્ષસ્થાને મિશનશક્તિ યોજનાની જિલ્લાકક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની બેઠક યોજાઈ
- કેન્દ્રશાસિત પ્રદેશ દમણની આંટીયાવાડ ગ્રામ પંચાયત દ્વારા આંગણવાડીના બાળકો માટે પક્ષી શાળાની મુલાકાત અને જીવંત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું